## વડીલોને વંદન અભિનંદન



ડાહ્યાભાઈ કાળીદાસ સોની
(૧૯૪૩) ફોન: ૨૩૨૧૦૫૫૭



કમલાબેન પુરસોત્તમભાઈ કાકા
(૧૯૪૪) ફોન: ૨૩૨૩૦૮૬૧



પન્નાબેન કિરીટકુમાર મુદ્રા
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૮૪૨૭



દેવીન્દ્રાબેન ગોવિંદભાઈ સુથાર
(૧૯૪૩) ફોન: ૨૩૨૨૫૧૯૯



ભાનુપ્રસાદ એસ. રાણા
(૧૯૪૪)-

# અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં પોલીસની દારુના અડ્ડા પર રેડ

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલ ભોગીલાલની ચાલીમાં પોલીસે દારુના અડ્ડા પર દરોડા પાડીને બે આરોપી સહિત એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી વિગત અનુસાર આજે સવારે ૧૦થી ૧૨ વાગ્યાની વચ્ચે ઉચ્ચ અધિકારીઓની સૂચના હેઠળ શાહીબાગ પોલીસના કાફલાએ ભોગીલાલની ચાલીમાં રહેલા દારુના અડ્ડા પર એકાએક દરોડા પાડ્યા હતા.

પોલીસને દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી એક લાખથી વધુનો વિદેશી દારુનો જથ્થો પકડી પાડ્યા હતો તેમજ આરોપી દિલીપસિંહ તથા જણકબેનને ઝઢપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ગુનાનો મુખ્ય સૂત્રધાર હાલ ફરાર છે જેને પકડી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. પોલીસે ૫૦ જેટલા અધિકારીઓ સાથે રાખીને દારુના અડ્ડા પર દરોડા પાડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે, ખાનગી વેશમાં ગોમતીપુર પોલીસનો સ્ટાફ દારુના અડ્ડા પર દરોડા પાડવા ગયો હતો ત્યારે ત્યાંના લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો જેમાં ચાર પોલીસ જવાનો ઘાયલ થયા હતા. અત્રે મહત્વની બાબત છે કે, હોળી અને ધુળેટીના પર્વની પૂર્વ તૈયારીના ભાગરુપે અમદાવાદ શહેરમાં કોઈ અસામાજિક તત્વો દ્વારા અનિચ્છનીય બનાવ ન બને તેના અંતર્ગત આજે શાહીબાગ પોલીસે અડ્ડા પર દરોડા પાડ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં મતદાર જાગૃતિ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હોલિકા દહન સાથે મતદારોને લોભાવતા દુષણોના પ્રતિકના પુતળાનું સરકારી વસાહત ખાતે દહન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લેક્ટર એમ. એસ. પટેલ, ડી.એસ.પી. અશોકકુમાર યાદવ તેમજ મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

## લીંબાયત : બાળકી પર રેપ બાદ જોરદાર રોષ

સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં માસૂમ બાળા પર બળાત્કારના બનાવથી સનસનાટી મચી ગઈ છે. ૭ વર્ષીય બાળકીને લાલચ આપી ઘરની બહાર લઈ ગયો હતો અને તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. મળેલી માહિતી મુજબ માસુમ બાળકી ઉપર બળાત્કાર ગુજારનાર આ શખ્સ લીંબાયત ગોદાડરા નિલગીરી વિસ્તારમાં આવેલા રંગીલાનગર સોસાયટીમાં રહે છે અને હાલમાં કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ચોકલેટ આપવાની લાલચ આપીને સોસાયટીની અંદર જ બંધ જગ્યા ઉપર આ બાળકીને લઈ ગયો હતો. બાળકીની તબિયતના સંદર્ભમાં માતા-પિતાએ તપાસ કરાવતા તેના ઉપર બળાત્કાર થયો હોવાની માહિતી સપાટી પર આવી હતી.

# સ્વામીનારાયણ મંદિરમાં ફૂલોત્સવ કાર્યક્રમની તૈયારી

### પ્રમુખ સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં આજે મંદિરમાં ફૂલોત્સવ કાર્યક્રમ : લાખો શ્રદ્ધાળુ ઉમટી પડે તેવી શક્યતા

અમદાવાદ, તા.૧૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના સારંગપુર ગામે બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં આવતીકાલે ફૂલોત્સવ નાનો કાર્યક્રમ યોજશે. સારંગપુર ગામે પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજની હાજરીમાં આવતીકાલે ફુલોત્સવનો કાર્યક્રમ ઉજવવા માટે બીએપીએસ સંસ્થા દ્વારા બે દિવસથી તડામાર તૈયારીઓ શરૂ કરવામાં છે. સૂત્રો દ્વારા માહિતી મળી છે કે, બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાના ગુરુવર્ય પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનો જન્મ વસંત ઋતુમાં થયેલ જેથી વસંત ઋતુમાં આ ફુલોત્સવ ઉજવવાની પરંપરા વર્ષોથી ચાલી રહી છે. આ ઉત્સવમાં સ્વામીનારાયણ સંપ્રદાયના જુદા જુદા કાર્યક્રમો ભજન, કિર્તન, સતસંગ અને એકબીજા પર ગુલાલ-પાણીનો છંટકાવ કરીને એક અનોખો ઉત્સવ ઉજવાય છે અને તેનો હરિભક્તો તથા શ્રદ્ધાળુઓ ખુબ જ લહાવો લે છે જ્યારે આવતીકાલે આ ફૂલ્ડોલોત્સવા હજારો ભક્તોની હાજરીમાં ઉજવવાનો હોવાથી સાળંગપુર ખાતે બે દિવસથી ફુલ્ડોલોત્સવ એ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ફૂલદોલોત્સવની તૈયારીમાં આશરે ૧૨૦૦ જેટલા સ્વયંસેવકો અને હરિભક્તો દિન-રાત પોતાના તન, મન, ધનથી તૈયારીઓ કરી રહ્યા છે. આ ઉત્સવમાં આ મંદિરમાં આશરે ૧૨૦ફૂટ લાંબો અને ૫૦ ફુટ પહોળો તેમજ ૩૫ ફૂટની ઉંચાઈનો સ્ટેજ બનાવેલ છે. આ સ્ટેજ ઉપર પ.પુ. શાસ્ત્રીજી મહારાજની ૧૭ ફુટ ઉંચાઈની પ્રતિમા મુકવામાં આવશે. આ ઉત્સવે જુદી જુદી સેવાઓ માટે આશરે ૭૦૦ જેટલી બહેનો સ્વયંસેવીકા અને ૫૦૦ જેટલા ભાઈઓ સ્વયંસેવક તરીકે દિન-રાત સેવા આપી રહ્યા છે. આ ઉત્સવમાં હરિભક્તો તથા શ્રદ્ધાળુઓને પ્રસાદી વહેંચવા આશરે એક લાખ પ્રસાદીના પેકેજ પણ તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ પ.પુ. પ્રમુખ સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય સારુ રહે તે આશયથી આ ઉત્સવમાં એક અખંડ ધુન પણ ચાલી રહી છે. આ ફુલોત્સવનો આશરે ૩ લાખથી પણ વધુ લોકો લહાવો લે તેવું જાણવા મળેલ છે. આ લોકનો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ બંદોબસ્તનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં પોલીસ અને હોમગાર્ડ્ઝના કુલ ૧૫૦ જેટલા જવાનો તૈનાત રહેશે. આ ફુલોત્સવને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો લેશે તેવું અનુમાન છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સમગ્ર દેશમાં હોળી ખૂબ ધામધુમ પૂર્વક ઉજવાઈ છે. ત્યારે લોકો હોળીના દિવસે હોળી પ્રગટાવી હર્ષોલ્લાસથી હોળીની ઉજવણી કરે છે. ત્યારે ડીસા મામલતદાર રોડ પર આવેલ દુકાનદારોએ એક બીજા પર અબીલ ગુલાલ છાંટી હોળીની શુભકામનાઓ પાઠવી હતી.

# ખેતીની ખોટી આવક બતાવી કરચોરી કરનાર પર લગામ

### આઈટી વિભાગે વિગતો માટે હાઈટેક પદ્ધતિ અપનાવી

અમદાવાદ, તા.૧૬

ખેતીની આવકને વધુ બતાવી અન્ય આવક છુપાવી ફાયદો મેળવતા કરચોરો માટે માઠા સમાચાર આવ્યા છે. હવે આ મોડ, ઓપરેન્ડીનો અંત આવશે. કારણ કે ઈન્કમટેક્ષ વિભાગ હવે ખેતીની ખોટી આવક બતાવનારને ટેકનોલોજીની મદદથી પકડી પાડશે.

તંત્ર દ્વારા ભાસ્કર ઈન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (બાયગેસ ગાંધીનગર) અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) સાથે મળી ખેતીની માહિતી મેળવવા લેટેસ્ટ ટેકનોલોજી વિકસાવી છે. આ ટેકનોલોજીથી જે તે વિસ્તારમાં થયેલ ખેતીની સચોટ માહિતી મેળવી શકાશે. જેમાં કોઈ જગ્યા પર ખરેખર ખેતી કરવામાં આવી છે કે નહીં ? ખેતી કેટલી થઈ છે વગેરે જેવી માહિતી મેળવી શકાશે. આયકર વિભાગે ખેતીની વિગતો મેળવવા લેટેસ્ટ ટેકનોલોજી વડે ૧૫ જેટલા કરચોરોને પકડી પાડ્યા છે અને આગામી સમયમાં વધુ કરચોરોને પકડી પાડવામાં આવશે તેથી હવે ખોટી આવક બતાવનારા લોકો કર ભરવામાંથી બચી શકશે નહીં ઉપરાંત કરદાતાની અન્ય આવકો ઉપર પણ બાજ નજર રખાશે.

આયકર વિભાગના રૂલ નંબર ૧૯૬૧ મુજબ ખેતીની આવક પર કોઈપણ પ્રકારનો ટેક્સ લેવામાં આવતો નથી જેમાં ઘણા લોકો કર (ટેક્સ) ચુકવવામાંથી બચવા પોતાની આવક ખેતીની આવકમાં ખપાવી કરચોરી કરે છે પરંતુ ટેકનોલોજી વગર આવા મોડસ ઓપરેન્ડીથી કરચોરી કરતા કરચોરો પકડાતા ન હતા જેના માટે તંત્રએ લેટેસ્ટ ટેકનોલોજી વિકસાવી કરચોરોને પકડવા નવી યોજના બનાવી છે.

# પોલીટેકનીકમાં રેગીંગ બનાવ મુદ્દે છ વિદ્યાર્થી સસ્પેન્ડ કરાયા

### એમ એસ યુનિવર્સિટીનો કઠોર નિર્ણય : વધારાની સુરક્ષા ગોઠવવાનો નિર્ણય કરાયો : શુક્રવારના બનાવથી ચકચાર

વડોદરા,તા.૧૬

એમ એસ યુનિવર્સિટી દ્વારા વડોદરામાં પોલીટેકનીક કોલેજની પ્રાંગણની બહાર બનેલા રેગીંગ અને હિંસાના બનાવના સંદર્ભમાં એમ એસ યુનિવર્સિટીએ છ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરી દીધા છે. પોલીટેકનીકમાં રેગીંગના બનાવની ગંભીર નોંધ લેવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા તપાસ પેનલની રચના કરવામાં આવી ચૂકી છે.

ત્રણ પૂર્વ વિદ્યાર્થીઓને પ્રવેશ ઉપર પ્રતિબંધ પણ મૂકી દેવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરવામાં આવેલાઓમાં તેની પોલીટેકનીક કોલેજના પાંચ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગના એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી દ્વારા રેગીંગના બનાવની તપાસ કરવા છ સભ્યોની ટીમની રચના કરી છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થી ઉપર રેગીંગના બનાવથી ભારે ખળભળાટ મચી ગયો છે. ત્રણ પૂર્વ વિદ્યાર્થીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

આ ઉપરાંત ભવિષ્યમાં કોઈપણ કોર્ષમાં પ્રવેશ લેવાથી તેમના ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવારના દિવસે વિદ્યાર્થી નેતાઓની ટોળકીએ સિવિલ એન્જિનીયરીંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થી પ્રિયસ શાહ ઉપર રેગીંગ કરીને ખળભળાટ મચાવ્યો હતો. જ્યારે બીજા વર્ષના વિદ્યાર્થી આકાશ પટેલને હોકીની છડીઓ અને બેટથી ફટકારવામાં આવ્યો હતો. શાહની ફરિયાદ બાદ યુનિવર્સિટીએ એફટીઈના વિદ્યાર્થી જયેશ બાલાઈને સસ્પેન્ડ કરી દીધા હતા.

છ સભ્યોની સમીતિ દ્વારા સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. રેગીંગના બનાવોને રોકવા માટે તમામ પગલાં લેવાઈ રહ્યા છે છતાં વારંવાર આ પ્રકારના બનાવો બની રહ્યા છે. પોલીટેકનીક કેમ્પર્સ માટે સુરક્ષા જવાનો તૈનાત કરવા પણ કહેવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૩૪૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ |
| | ■ | | ■ | ૫ | | ■ | |
| ૬ | ૭ | ■ | ૮ | | | ૯ | ■ |
| ૧૦ | | ૧૧ | | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | ■ | | ■ |
| ૧૫ | | | | ■ | ૧૬ | | ૧૭ |
| | ■ | | ■ | ૧૮ | | ■ | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |

### આડી ચાવી

૧. ગભરાયેલું (૪)
૩. શિકાર (૩)
૫. ઝોળી, થેલી (૨)
૬. પાણી (૨)
૮. વેરાન, સુનૂ (૪)
૧૧. નાનો અણુ, નાનો રેતનો કણ (૪)
૧૨. શોભા, પ્રકૃતિ (૨)
૧૩. પતિ, કંથ (૨)
૧૪. કઇ જગ્યાએ (૧)
૧૫. સાવ નવું, તાજુ-તાજુ (૪)
૧૬. પાપ (૩)
૧૮. દુ:ખ, ગુંદર (૨)
૧૯. લીકેજ, ... થવું (૨)
૨૦. નજર તળે રહે તેમ કેદમાં રાખવું (૫)

### ઊભી ચાવી

૧. સાર, બરકત (૪)
૨. પખાલી (૨)
૩. વિશાળ, અતિશય મોટું (૪)
૪. મુંડો, મુંડન કરાવેલ (૨)
૫. શક્તિ (૨)
૭. મનાવવું (૪)
૮. સાંભળ (૨)
૯. કોમળતા (૪)
૧૧. શ્રીકૃષ્ણનું એક નામ (૪)
૧૫. નવી (વહુ) (૨)
૧૬. તુચ્છ (૩)
૧૭. ડાંગર, ચોખા (૩)
૧૮. હાથી (૨)

### શબ્દાવલી ૫૩૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાપાચાર (૪) આલાપ (૭) મન (૮) જમાલગોટો (૧૦) વાલમ (૧૧) પાવડી (૧૪) કાવડ (૧૫) ચમક (૧૭) નવાનકોર (૨૦) રજા (૨૧) મસલત (૨૨) દફન

**ઊભી ચાવી :-** (૧) પામર (૨) રજવાડી (૪) આલમ (૫) લાગો (૬) પટોળુ (૯) માલ (૧૧) પાવન (૧૨) વડવાનલ (૧૩) રંક (૧૫) ચકોર (૧૬) મરજાદ (૧૮) કફન (૧૯) ખમ

### સ્વપ્ન સાકાર થયું....

● બીજા પાનાનું ચાલુ

સાક્ષીએ સાર્થક કરી છે.સાક્ષી માત્ર ૧૪ ની ઉંમરની છે છતાં હેમ છે અને રેડીયો ઓપરેટ કરે છે.છ માસ અગાઉ ગુજરાત સાયન્સ સીટી અમદાવાદ ખાતેથી ઈટલીના હેમરડીયો માધ્યમથી ટેલીબ્રીજની રચના કરી સ્પેશ સ્ટેશનમાં તે વખતે રહેલા સુનીતા વિલયમ સાથે ગુજરાતના ૧૫ જેટલા બાળકોએ જે વાત કરી હતી તેમાં એક સાક્ષી પણ હતી.

પૃથ્વીથી ૩૦૦ કિ.મિ. ઉપર અવકાશમાં તરતું આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશન (આઈ.એસ.એસ.) નું કદ ફૂટબોલના

વિશાળ ગ્રાઉન્ડ જેવું છે.અવકાશ સંશોધન માટે તૈયાર કરવામાં આવેલ આ સ્પેશ સ્ટેશનમાં અવકાશયાત્રીઓ લાંબા સમય સુધી રહેતા હોય છે અને સંશોધન કરતા હોય છે.ભારતમાં ઘણા લોકો સુનીતા વિલીયમનું અવકાશનું ધર પણ કહેતા હોય છે. આ સ્પેશ સ્ટેશન પૃથ્વીની ફરતે સતત ચક્કર લગાવે છે ૨૪ કલાકમાં આ સ્પેશ સ્ટેશન ૧૬ ચક્કર લગાવે છે.આ વિશાળ સ્પેશ સ્ટેશનની ચાંદીમાંથી બે નાનકડી પ્રતિકૃતિઓ રાજકોટના સોનીઓએ તૈયાર કરી છે. સ્પેશ સ્ટેશનની આ ચાંદીની પ્રતિકૃતિઓ ૨.૫ ઈંચ લાંબી, ૧.૫ ઈંચ પહોળી અને ૧.૫ ઈંચ ઉંચાઈ ધરાવતી આ કૃતિઓ માણસના હાથની હથેળીમાં સમાઈ જાય તેવડી છે.૧૧૦.૬૩૦ ગ્રામ વજનની આ પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં રાજેશભાઈનું મોટુ યોગદાન છે.આ સ્પેશ સ્ટેશનની પ્રતિકૃતિઓમાં ૨૫ જેટલા વિવિધ ભાગ બનાવી ને તૈયાર કરવામાં આવી છે.

રાજેશભાઈના કહેવા મુજબ આ પ્રતિકૃતિ તૈયાર કરવાનો મૂળ હેતુ એ છે કે ભારતે પણ વિશ્વની સાપેક્ષમાં અવકાશક્ષેત્ર હરણફાળ ભરી છે.ભારત હવે ક્રાયોજેનીક એન્જીન ટેકનોલોનીમાં સ્વાવલંબી બન્યું છે.ત્યારે સ્પેશ સ્ટેશન જેવી સિધ્ધિ પણ ભારતના વૈજ્ઞાનિકો હાંસલ કરે તેવી શુભેચ્છા આ પ્રતિકૃતિઓ દ્વારા વ્યકત કરવામાં આવી છે.આ બન્ને પ્રતિકૃતિઓમાંથી એક સતિષ ધવન સ્પેશ સેન્ટરના ડાયરેક્ટર એમ.વાય.એસ.પ્રસારને તથા બીજી પ્રતિકૃતિ ઈસરોના સિનીયર સાયન્ટીસ્ટ ડો.સુબ્રામણીને અર્પણ કરવામાં આવશે.

હેમ રેડીયોની પ્રવૃતિને વેગવાન બનાવવામાં તથા લોકોમાં જિજ્ઞાસાવૃતિ કેળવવામાં રાજેશભાઈ એ કરેલા કાર્યો માટે તેમને સલામ...મિત્રો માણસ કેટલુ ભણ્યો કરતાં કેટલુ ગણ્યો (સમજ્યો) એ મહત્વનું છે.ગોખણપટ્ટી અને ઉંચા માર્ક લાવવાની દોડમાં ગણતર વિસરાયુ છે ત્યારે રાજેભાઈ જેવા નવી પેઢી માટે એ પ્રેરણાસ્તોત બની રહે છે.ભારત પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગને સમજે અને તેમાં લોકોમાં વૈજ્ઞાનિક સમજ વિકસે અને તે મુજબ સમાજને આગળ ધપાવે તો ભારતનું ભાવિ ઘણુ ઉજ્વળ છે.

ડો. અનિલ પટેલ

## આરટીઓ અમદાવાદમાં કારમાં નવી સીરીઝ લોન્ચ

અમદાવાદ, તા.૧૬

આરટીઓ અમદાવાદની કચેરીમાં મોટરકારના નંબરોને લગતી હાલની સીરીઝ જીજે-૧ આરઈ ટૂંક સમયમાં પુરી થનાર હોઈ નવી સીરીઝ જીજે-૧ આરએફ તા. ૨૯-૩-૨૦૧૪થી શરૂ કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકે તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા તા. ૨૬-૩-૧૪થી ૨૮-૩-૧૪ સુધી કચેરીના સમય દરમ્યાન સવારે ૧૧:૦૦ થી ૧૭:૩૦ કલાક સુધીમાં આરટીઓ કચેરીમાં ફોર્મ નં-૨૦ સાથે બંધ કરવામાં અરજી કરવાની રહેશે અને તે અરજી સાથે પોતે કેટલી ઓફર કરવા માંગે છે, તે ઓફસનો આરટીઓ અમદાવાદના નામનો ડીમાન્ડ ડ્રાફટનો જોડવાનો રહેશે. કવર ઉપર કોઈપણ લખાણ, નિશાની કે વાહન નંબર લખવાનો રહેશે નહીં. વાહનની નોંધણી કર્યા બાદ-૩૦ દિવસમાં જ પસદગીના નંબર અંગે અરજી કરી શકાશે. અધૂરી વિગતો તેમજ જરુરી બિડાણ વગરની તેમજ અરજી સાથે ડ્રાફ્ટ રજુ થયેલ ન હોય તેવી અરજી ધ્યાને લીધા વગર દફતરે કરવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

## છઠ્ઠીવાર ચૂંટણી લડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાથી અડવાણી સહિત ૧૩ થી વધારે ઉમેદવારો આગામી સપ્તાહમાં જાહેર કરાશે.પાર્ટીના પ્રદેશ લિડરે જણાવ્યું હતું કે રાજ્યમાં સતત ત્રણ દિવસ સુધી ચાલેલી પ્રદેશ પાર્લામેન્ટરી બેઠકમાં નક્કી થયા પ્રમાણે ભાજપના ૧૭ સિટીંગ પૈકી ૭ સંસદસભ્યોને ફરીથી ટીકીટ મળી શકે તેમ નથી, જેમાં બનાસકાંઠાના હરીભાઈ ચૌધરી, મહેસાણાના જયશ્રીબેન પટેલ, અમદાવાદ પશ્ચિમના કિરીટ સોલંકી, જૂનાગઢના દિનુભાઈ સોલંકી, અમરેલીના નારણ કાછડીયા, પંચમહાલના પ્રભાતસિંહ ચૌહાણ અને સુરતના દર્શનાબેન જરદોશનો સમાવેશ થાય છે.

ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય નતાગીરી જેમને રિપીટ કરવા માગે છે તેમાં કચ્છના પુનમબેન જાટ, સાબરકાંઠાના મહેન્દ્રસિંહ ચૌહાણ, પોરબંદરના વિઠ્ઠલ રાદડિયા, ભાવનગરના રાજેન્દ્રસિંહ રાણા, વડોદરાના બાલકૃષ્ણ શુકલ, છોટા ઉદેપુરના રામસિંહ રાઠવા, ભરૂચના મનસુખ વસાવા અને નવસારીના સી.આર. પાટીલનું નામ આવે છે.

ગુજરાત પ્રદેશ ભાજપની એવી ઈચ્છા છે કે મોદીએ ઉત્તરપ્રદેશની સાથે ગુજરાતમાંથી પણ ચૂંટણી લડવી જોઈએ, જો પાર્ટી હાઈકમાન્ડ એવું નક્કી કરે તો અમદાવાદ પૂર્વની બેઠક ઉપરના સિટીંગ સાંસદ હરિન પાઠકને ફરીથી ટીકીટ મળી શકે તેમ નથી. ઉલ્લેખનીય છે કે મોદીને ગુજરાતમાંથી લડવા માટે અગાઉ હરિન પાઠક તેમની બેઠક ઓફર કરી ચૂક્યા છે.

પાર્ટી સૂત્રો જણાવે છે કે આ ચૂંટણીમાં પાર્ટી તેના સિનિયર નેતા અડવાણીને વધુ નારાજ કરવાના મૂડમાં નથી તેથી તેમની પસંદગી ગાંધીનગરની બેઠક ઉપરથી થવાની શક્યતાઓ જણાય છે. ખુદ અડવાણીએ પણ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરેલી છે. જો તેમનું નામ ગાંધીનગર માટે ફાઈનલ થાય તો એક જ બેઠક પરથી તેમની આ આઠમી ટર્મ હશે.

ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ કહ્યું હતું કે ગુજરાત લોકસભાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. હવે પ્રદેશ કક્ષાએ ચર્ચા કરીને ગુજરાતનું લિસ્ટ દિલ્હી સ્થિત રાષ્ટ્રીય ચૂંટણી સમિતિ સમક્ષ મોકલવામાં આવશે.

## બાજ નજર રાખશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે પંચે ઉમેદવારો માટે બેંક એકાઉન્ટ ખોલવુ પણ ફરજીયાત હોઈ તે માટેની સૂચનાઓ તંત્ર દ્વારા આ બેઠકમાં આપવામાં આવશે. પંચે ૨૦ હજારથી વધુના બિલની ચુકવણી માટે ચેકથી પેમેન્ટ કરવાનું પણ ફરજીયાત બનાવ્યું છે.

પંચે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમોને પણ આચારસંહિતા અમલી બન્યા બાદ સક્રિય બનાવી છે. જો કે સ્ટેટીક સર્વેલન્સની કામગીરી નોટીફીકેશન જારી થતાં અમલી બનશે.

પંચના ઉચ્ચ અધિકારીઓએ આ માટે ગુજરાતની મુલાકાત વખતે જ સંકેતો આપ્યા હતા કે પંચ કાળા નાણાંના પ્રભાવને અટકાવવા માટે કટિબદ્ધ છે.

પંચની આ સૂચનાઓ પછી રાજકીય પક્ષો સાથે બેઠક પણ યોજવામાં આવી હતી. પંચે સામાન્ય લોકોને પરેશાની ના થાય તેની પણ વિશેષ કાળજી લીધી છે અને આ માટે તંત્રને કડક તાકીદ પણ કરેલી છે જે ઉલ્લેખનીય છે.

પંચે આ બધી કવાયતો પછી હવે બેંકોમાંથી થતા આર્થિક વ્યવહારો પર પણ બાજ નજર રાખવાની વ્યુહરચના હાથ ધરી છે.

## બે ડઝન પુસ્તકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે ડઝન પુસ્તકો લખાઈ ચૂક્યા છે. જુદા જુદા બેકગ્રાઉન્ડ ધરાવતા લેખકો તેમના વિષયોમાં મોદીને પસંદ કરી રહ્યા છે. આરટીઆઈ કાર્યકરો, પત્રકારો, વિદેશી લેખકો અને શિક્ષણ શાસ્ત્રીઓ આ પ્રવૃત્તિમાં સામેલ છે. દિલ્હી સ્થિત હિંદી પ્રકાશક પ્રભાત પ્રકાશને કહ્યું છે કે મોદી ઉપર ઓછામાં ઓછા સાત પુસ્તકો જારી કરવામાં આવ્યા છે જેમાં ગ્રાફિક નોવેલનો પણ સમાવેશ થાય છે. આ સાત પુસ્તક છેલ્લા એક મહિનાના ગાળામાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. મોદી એક ખૂબ સારા બિઝનેસમેન છે તેવા એન્ગલ સાથે પણ પુસ્તકો પ્રકાશિત થયા છે. મોદી ઉપર પુસ્તકોની જોરદાર માંગ પણ જોવા મળી રહી છે. મોદીને આવરી લઈને વિવાદ, તેમની આક્રમક સ્ટાઈલના કારણે પણ તેમના પુસ્તકો બજારમાં વેચાઈ રહ્યા છે. ઘણા બધા લોકો માની રહ્યા છે કે મોદી દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે જેથી તેમના અંગે માહિતી માટે લોકો પુસ્તકો ખરીદી રહ્યા છે. મોદીના સંદર્ભમાં કેટલાક ટીકાકારો પણ માની રહ્યા છે કે પુસ્તકોની માંગ દેખાઈ રહી છે. નમો વાણી નામથી પુસ્તક પણ જારી થયા છે. મોદીના સંદર્ભમાં ગુજરાતી, અંગ્રેજી ઉપરાંત દક્ષિણ ભારતની ભાષાઓમાં પણ પુસ્તક લખવામાં આવ્યા છે. તામિલનાડુ અને આંધ્રપ્રદેશના પ્રકાશકો પણ મોદીની લોકપ્રિયતાનો લાભ લઈને તેમની લાઈફ ઉપર પુસ્તકો લખી રહ્યા છે. નરેન્દ્ર મોદીએ ફેબ્રુઆરી મહિનામાં તમિલનાડુની મુલાકાત લીધી હતી ત્યારબાદથી તમિલનાડુમાં પણ તેમના પુસ્તકોની માંગ હાલમાં વધી છે.